શ્રી ભગવાનજીભાઈ પરમાર (ઉપ પ્રમુખશ્રી) મો. ૯૨૭૬૦૮૭૦૦૪
શ્રી માવજીભાઈ મારવિયા (મંત્રીશ્રી) ૯૪૨૮૨૫૮૬૦૦
શ્રી વિજયભાઈ ખાંદલા (સહમંત્રીશ્રી) ૮૮૬૬૬૪૧૯૦૧
શ્રી હીરાભાઈ કણજારીયા (ખજાનચી) ૯૮૨૪૪૭૭૦૮૫

# શ્રી સતવારા નવયુવક બચત મંડળ વસ્ત્રાલ નું તા. ૨૮-૧૨-૨૦૨૫ના રોજનું દશમું સ્નેહમિલન - ઇનામ વિતરણ

તા. ૨૮-૧૨-૨૦૨૫ રવિવારના રોજ અનમોલ પાર્ટીપ્લોટ , રામજી મંદિર સામે, મહાદેવનગર ટેકરા, વસ્ત્રાલ અમદાવાદ ખાતે યોજવામાં આવેલ હતું. આ સ્નેહ-મિલન ઈનામ વિતરણમાં વસ્ત્રાલ એરીયામાં રહેતા આશરે ૨૫૦ સભ્યો તેમના સહપરિવાર સાથે ઉમળકાભેર ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ શહેરના વિસ્તાર વસ્ત્રાલ રોડ તથા તેની આજુબાજુના વિસ્તારમાં રહેતા આપણા સમાજના કુટુંબીજનો એકજ સ્થળે નવા વર્ષ નિમિત્તે મળે તથા સમાજના આ વિસ્તારના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ દ્વારા પ્રોત્સાહિત કરવા તથા સમાજના ઉત્કર્ષ માટે ચર્ચા વિચારણા થાય તેવા ઉદ્દેશથી આ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ.

શ્રી સતવારા જ્ઞાતિમંડળ અમદાવાદના પ્રમુખશ્રી ભરતભાઈ જી. પરમાર

આ સ્નેહ મિલનનાં કાર્યક્રમમાં શ્રી રાજુભાઈ મકવાણા પ્રમુખશ્રી સમસ્ત સતવારા મહામંડળ શ્રી નરેશભાઈ કણઝારિયા સાહેબ DCP ટ્રાફિક અમદાવાદ શ્રી ભરતભાઈ જી. પરમાર પ્રમુખશ્રી સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદ, શ્રી જસમતભાઈ ચાવડા પૂર્વ પ્રમુખશ્રી સતવારા સમાજ ભવન (પૂર્વ) તથા શ્રી ભરતભાઈ પી. ડાભી પ્રમુખશ્રી સતવારા સમાજ ભવન (પૂર્વ) અમદાવાદ શ્રી જયેશભાઈ રાઠોડ, શ્રી રામજીભાઈ ડુમાણીયા શ્રી પ્રવિણભાઈ ચૌહાણ તથા શ્રી જયંતિભાઈ કડીયા નોટરી શ્રી અમીતભાઈ જાદવ, શ્રી વિજયભાઈ આર. ચાવડા અમારા આમંત્રણને માન આપી પધારેલ.

આ કાર્યક્રમની શરૂઆત શ્રી સિદ્ધનાથ મહાદેવના દીપ પ્રાગટ્યથી કરેલ. જેમાં આવેલ આંગતુક મહેમાન દ્વારા દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ ત્યાર બાદ શ્રી જ્યોતિબેન વી. સોનગ્રા દ્વારા આરતી તથા પ્રાર્થના કરવામાં આવેલ. ત્યાર બાદ શ્રી સતવારા નવયુવક બચત મંડળ વસ્ત્રાલના આમંત્રણને માન આપી આવેલા દરેક મહેમાનોનું સ્વાગત ફુલ ગુચ્છા તથા હાર પહેરાવીને કરવામાં આવેલ છે. તેમજ જ્ઞાતિજનોનું શબ્દોથી સ્વાગત શ્રી અંબાલાલ એલ. સતવારા દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી સતવારા નવયુવક બચત મંડળ વસ્ત્રાલનો અહેવાલ શ્રી પરાગભાઈ અમૃતલાલ સોનગ્રા ખજાનચી દ્વારા રજુ કરવામાં આવેલ હતો. જેમાં નાની એવી માસિક લવાજમ તથા કેટલી લોન આપવામાં આવે છે. જેથી કોઈપણ સભ્યને આર્થિક રીતે મદદ કરીને નાના તથા મોટા પ્રસંગમાં મદદરૂપ થાય છે તેનું માર્ગદર્શન કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં બચત મંડળમાં જે સભ્યો છે તેમના બાળકો જે નર્સરી તથા ધોરણ ૧ થી ૧૨ સુધીના બાળકોને ૧ થી ૩ નંબર આવેલ તથા કોલેજના ૧ થી ૩ નંબરના દરેક બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા. તથા જેટલા પણ બાળકોની માર્કશીટ આવેલ તેમને આશ્વાસન ઈનામ મંડળ દ્વારા આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

ત્યારબાદ ઈનામ વિતરણના કાર્યક્રમને આર્થિક મદદરૂપ થવા ઈનામનાં દાતાશ્રીઓનું ફુલહારથી સ્વાગત કરવામાં આવેલ છે.

**ઈનામના દાતાશ્રીઓની યાદી**

(૧) શ્રી ભીખાભાઈ એમ. રાઠોડ નર્સરી તથા જુનિ.અને સિનીયર કે.જી.
(૨) શ્રી ગુણવંતભાઈ સથવારા ધૌ. ૧ થી ૫
(૩) શ્રી મુકેશભાઈ તથા અશોકભાઈ પરમાર ધો. ૬ થી ૮
(૪) શ્રી અશોકભાઈ જી. કણઝારિયા ધો. ૯ થી ૧૨
(૫) શ્રી કેતનભાઈ નારણભાઈ મકવાણા કોલેજ
(૬) શ્રીમતી છાયાબેન દિલીપભાઈ મકવાણા આશ્વાસન ઈનામ
(૭) શ્રી રાજેશભાઈ હરગોવિંદભાઈ હિરાણી પાઉચ આશ્વાસન ઈનામ દરેક બાળકને

આ ઉપરાંત આ સ્નેહમિલન તથા ઈનામ વિતરણમાં આર્થિક રોકડ દાન આપનાર દરેક દાનવીરનું મંડળના સભ્યો તથા આવેલ મહેમાનશ્રીઓ માટે સ્વરૂચી ભોજન કરવામાં આવેલ.

ત્યારબાદ આ કાર્યક્રમમાં સમાજના બાળકોએ નૃત્ય, કાવ્યપઠન, શ્લોક, વાર્તા, ડાન્સ વગેરે રજુ કરેલ હતી આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક બાળકોએ સંસ્થાના પ્રમુખ શ્રી ધીરૂભાઈ રાઠોડનાં હસ્તે રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

આ સ્નેહ મિલનને સફળ બનાવવા સમાજના પ્રમુખ શ્રી ધીરૂભાઈ રાઠોડ, ઉપપ્રમુખશ્રી અંબાલાલ એલ. સતવારા, મંત્રી શ્રી પરાગભાઈ એન. ડાભી ખજાનચી શ્રી પરાગભાઈ એ. સોનગ્રા, સહમંત્રી શ્રી આશિષભાઈ રાઠોડ, સહમંત્રી શ્રી પરસોતમભાઈ કણઝારિયા કારોબારી સભ્ય શ્રી કેતનભાઈ મકવાણા, શ્રી નટુભાઈ જી. રાઠોડ, શ્રી દીલીપભાઈ મકવાણા, શ્રી વૈભવભાઈ એ સોનગ્રા, શ્રી નિલેષભાઈ કણઝારિયા, શ્રી સંજયભાઈ એમ. કણઝારિયા, શ્રી કમલેશભાઈ સતવારા તેમજ સભ્યશ્રીઓ દાતાશ્રીઓ તનમન અને ધનથી સાથ સહકાર આપ્યો હતો. આ કાર્યક્રમને દિપાવનાર દરેક નામી અનામી દરેક સભ્યોએ સહકાર આપી આ કાર્યક્રમને યાદગાર બનાવવા બદલ આભાર.

આ કાર્યક્રમનું તથા સ્ટેજ સંચાલન શ્રી પરાગભાઈ એ. સોનગ્રા દ્વારા કરવામાં આવેલ.

**સંકલન : શ્રી પરાગભાઈ એ. સોનગ્રા**

# શ્રી સતવારા નવયુવક મંડળ વસ્ત્રાલ સ્નેહમિલન -ઈનામ વિતરણ ૨૦૨૫

| | નામ | ટકા % | |
|---|---|---|---|
| ધોરણ-નર્સરી | | | |
| ૧ | ચાંપાનેરી ભાર્ગવી દિક્ષિતભાઈ | ૮૯.૫૦ | પ્રથમ |
| ૨ | ડાભી હિવા પ્રકાશભાઈ | ૮૦.૦૦ | દ્વિતીય |
| ધોરણ-જુનિયર કેજી | | | |
| ૧ | દલવાડી કાવ્યા મુકેશભાઈ | ૧૦૦.૦૦ | પ્રથમ |
| ૨ | ડાભી હીર પરાગભાઈ | ૯૯.૮૩ | દ્વિતીય |
| ૩ | સથવારા હેતાંશ અમિતભાઈ | ૯૨.૨૮ | તૃતીય |
| ધોરણ-સી.ન. કેજી બાલવાટીકા | | | |
| ૧ | ચૌહાણ સમર્થ નિકુંજકુમાર | ૯૯.૨૦ | પ્રથમ |
| ૨ | ચાંપાનેરી પ્રિન્સ મેહુલભાઈ | ૯૫.૬૩ | દ્વિતીય |
| ૩ | સતવારા જેનિલ નિકુંજભાઈ | ૯૪.૫૦ | તૃતીય |
| ધોરણ-૧ | | | |
| ૧ | ચાંપાનેરી નવ્યા નયનભાઈ | ૯૮.૬૭ | પ્રથમ |
| ૨ | કણજરીયા હેતાંશી ધર્મેશભાઈ | ૯૭.૦૦ | દ્વિતીય |
| ૩ | મકવાણા હેનિલ કેતનભાઈ | ૯૫.૭૦ | તૃતીય |
| ધોરણ-૨ | | | |
| ૧ | ડાભી શિવાની પ્રશાંતભાઈ | ૯૯.૫૦ | પ્રથમ |
| ૨ | કડિયા નિયતી જયપ્રકાશભાઈ | ૯૨.૦૦ | દ્વિતીય |
| ધોરણ-૩ | | | |
| ૧ | ચાવડા નક્ષ વિજયભાઈ | ૯૯.૬૯ | પ્રથમ |
| ૨ | ડાભી મીત મયુરભાઈ | ૯૦.૨૧ | દ્વિતીય |
| ૩ | રાઠોડ કશ્યપ સુરેશભાઈ | ૮૫.૬૮ | તૃતીય |
| ધોરણ-૪ | | | |
| ૧ | ચૌહાણ ખુશી નિકુંજભાઈ | ૯૯.૭૫ | પ્રથમ |
| ૨ | દલવાડી હર્ષિલ ભાઈલાલભાઈ | ૯૫.૩૬ | દ્વિતીય |
| ૩ | દલવાડી માહી મુકેશભાઈ | ૯૨.૭૧ | તૃતીય |

| | | | |
|---|---|---|---|
| ધોરણ-૫ | | | |
| ૧ | સોનગ્રા રૂદ્ર મેહુલકુમાર | ૮૭.૯૩ | પ્રથમ |
| ૨ | કણજરીયા ધ્યાની ધર્મેશભાઈ | ૮૩.૭૫ | દ્વિતીય |
| ૩ | જાદવ વંદના મહેશભાઈ | ૮૦.૦૦ | તૃતીય |
| ધોરણ-૬ | | | |
| ૧ | ચૌહાણ નેન્સી મહેન્દ્રકુમાર | ૯૯.૩૯ | પ્રથમ |
| ૨ | હિરાણી યશ પ્રફુલભાઈ | ૯૩.૬૦ | દ્વિતીય |
| ૩ | મોરી કવિશ પંકજભાઈ | ૯૨.૮૬ | તૃતીય |
| ધોરણ-૭ | | | |
| ૧ | સથવારા શિવમ કમલેશકુમાર | ૯૯.૦૦ | પ્રથમ |
| ૨ | મકવાણા વૃતિકા કેતનભાઈ | ૯૮.૫૬ | દ્વિતીય |
| ૩ | સતવારા માધવી નિલેષકુમાર | ૯૬.૪૪ | તૃતીય |
| ધોરણ-૮ | | | |
| ૧ | કણઝારીયા કાવ્યન દિલીપકુમાર | ૯૪.૮૦ | પ્રથમ |
| ૨ | સતવારા માનવ સુરેશભાઈ | ૮૩.૭૮ | દ્વિતીય |
| ૩ | કડિયા ધ્રુમિલ હેમાંગભાઈ | ૮૧.૮૩ | તૃતીય |
| ધોરણ-૯ | | | |
| ૧ | કડિયા ધ્રુવલ કમલેશભાઈ | ૯૩.૦૦ | પ્રથમ |
| ૨ | સથવારા જાનવી પ્રફુલભાઈ | ૯૦.૦૦ | દ્વિતીય |
| ૩ | કડિયા યુગ વિનયભાઈ | ૮૯.૧૪ | તૃતીય |
| ધોરણ-૧૦ | | | |
| ૧ | કડિયા ઋષિલ તુષારભાઈ | ૯૩.૦૦ | પ્રથમ |
| ૨ | સોનગ્રા શ્રુષ્ટી વિનોદભાઈ | ૮૬.૮૩ | દ્વિતીય |
| ૩ | ચાંપાનેરી જય પુનિતભાઈ | ૮૪.૮૩ | તૃતીય |
| ધોરણ-૧૧ સાયન્સ | | | |
| ૧ | સતવારા પ્રિયાંશી નિલેષભાઈ | ૬૨.૮૦ | પ્રથમ |
| ધોરણ-૧૧ કોમર્સ | | | |
| ૧ | સોનગ્રા ક્રિશા વૈભવકુમાર | ૯૨.૨૯ | પ્રથમ |
| ૨ | જાદવ રિદ્ધિ રમેશભાઈ | ૭૯.૨૯ | દ્વિતીય |
| ૩ | જાદવ સિદ્ધિ રમેશભાઈ | ૭૩.૪૩ | તૃતીય |
| ધોરણ-૧૨ કોમર્સ | | | |
| ૧ | હિરાની જેનિલ રોજશભાઈ | ૬૩.૮૬ | પ્રથમ |
| ધોરણ-૧૨ સાયન્સ | | | |
| ૧ | મોરી દષ્ટી પંકજભાઈ | ૭૬.૨૮ | પ્રથમ |
| ૨ | હિરાણી રિદ્ધિ જયેશકુમાર | ૬૬.૭૧ | દ્વિતીય |
| **CA** (ચાટર્ડ એકાઉન્ટટ) | | | |
| | સતવારા દેવલ અશોકભાઈ | ૭૦.૦૦ | પ્રથમ |
| **Bachelor of Pharmacy** | | | |
| | સતવારા શુભમ જિગ્નેશભાઈ | ૬.૪૩ | પ્રથમ |


સ્નેહ મિલન - ઈનામ વિતરણ
આપનુ હાર્દિક સ્વાગત કરે છે.








વસ્ત્રાલ - અમદાવાદ


વસ્ત્રાલ - અમદાવાદ
ઈનામ વિતરણ

# દ્વારકાના સતવારા સમાજની દિકરીએ અર્થશાસ્ત્રમાં મેળવ્યો ગોલ્ડ મેડલ

## રાજ્યપાલના હસ્તે પદક એનાયત કરી સન્માન કરાયુ



દ્વારકાની પવિત્ર ધરતી અને સતવારા સમાજ માટે ગૌરવની ક્ષણ છે. ડૉ. વી.આર. ગોઢાણીયા કોલેજની તેજસ્વી વિદ્યાર્થીની કુ.વર્ષા ઈશ્વરભાઈ કણઝારિયાએ પોતાની મહેનત અને લગનતી શૈક્ષણિક જગતમાં સોનેરી સફળતા મેળવી છે.

જૂનાગઢની ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં અર્થશાસ્ત્ર વિષયમાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમાંક મેળવી વર્ષાએ ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. આ સિદ્ધિ બદલ ગુજરાતના રાજ્યપાલના હસ્તે તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

કહેવાય છે કે ''દીકરી વહાલનો દરિયો છે'', પણ જ્યારે એ જ દીકરી પોતાની જ્વલંત સફળતાથી આખા સમાજ અને જિલ્લાનું નામ રોશન કરે. ત્યારે તે ગૌરવનું શિખર બની જાય છે. દ્વારકાની દિકરી વર્ષા ઈશ્વરભાઈ કણઝારિયાએ આવી જ એક અવિસ્મરણીય સિદ્ધિ હાંસલ કરી છે. જૂનાગઢ સ્થિત ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સાતમા પદવીદાન સમારોહમાં વર્ષાને અર્થશાસ્ત્ર વિષયમાં શ્રેષ્ઠ દેખાવ બદલ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યો છે.

આ ભવ્ય સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે વર્ષા કણઝારિયાને ગોલ્ડ મેડલ અને પદવી એનાયત કરવામાં આવી હતી. રાજ્યપાલના હસ્તે સન્માનિત થવું એ કોઈપણ વિદ્યાર્થી માટે સ્વપ્ન સમાન હોય છે. વર્ષાએ આ સિદ્ધિ મેળવીને સાબિત કરી દીધુ છે કે મનમાં મક્કમ નિર્ધાર અને સખત પરિશ્રમ કરવાની તૈયારી હોય, તો નાના નગરની દીકરી પણ આકાશને આંબી શકે છે.

**સંકલન :**

**શ્રી ચંદ્રકાંતભાઈ જે. કણઝારીયા-દ્વારકા**

# સતવારા સમાજને જાગૃત કરવા માટેની યોજનાઓ તથા સતવારા દર્પણના ગ્રાહકો વધારવા માટેના સુચનો

વ્હાલા જ્ઞાતિ આગેવાનો, કાર્યકર્તાઓ, યુવાભાઈ બહેનો, સર્વે જ્ઞાતિ ભાઈબહેનો,

સાદર નમસ્કાર, જયસિદ્ધનાથ,

આપણે જાણીએ છીએ એક સમયે આપણો સમાજ પછાત નહીં પણ અતિપછાત જેવો હતો. સમાજ સામાજિક, આર્થિક, રાજકીય અને શૈક્ષણિક રીતે ખૂબ પછાત હતો. સમાજમાં કુરિવાજો અને અંધશ્રદ્ધા તથા વહેમ ખૂબ હતા.

છેલ્લા ૫૦ વર્ષોમાં સમાજના આગેવાનોએ સમાજના સર્વાંગી વિકાસ કરવા શિક્ષણ ક્ષેત્રે ઉમદા સેવા કરી છે. મુ. શ્રી હરિભાઈ નકુમ (જામખંભાળીયા), મુ. શ્રી ગોકળભાઈ પરમાર (મોરબી) શ્રી સમસ્ત સતવારા મહામંડળ, શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટ, ઝાલાવાડ બોર્ડિંગના આગેવાનો, સમાજને અનામતનો લાભ, શ્રી સિદ્ધનાથ મહાદેવ રથયાત્રા, વિરમગામ સિદ્ધનાથ મહાદેવ મંદિરના કાર્યક્રમો ઉપરાંત સમાજના અસંખ્ય આગેવાનોએ સમાજના શૈક્ષણિક વિકાસ થકી સર્વાંગી વિકાસ માટે ભગીરથ પ્રયત્નો કર્યા હતા, પરિણામે સમાજે ઉન્નતિના શિખરો સર કર્યા છે અને પ્રશંસનીય વિકાસ કર્યો છે. જે ધન્યવાદને પાત્ર છે. આ માટે તન-મન-ધનથી સમાજના વિકાસ માટે સહકાર આપેલ સર્વેનો સમાજ ખૂબ ઋણી છે.

આમ છતાં આપણાં કરતાં બીજા કેટલાક સમાજો એ આપણાથી અનેક ગણો વધારે વિકાસ કર્યો છે. જો આપણે પ્રયત્નો કરીએ તો આપણે પણ અનેકગણો વિકાસ કરી શકીએ છીએ. આ માટે કેટલીક કાર્યવાહી કરવી જરૂરી છે. સમાજના વિકાસમાં સમાજનું ગૌરવ છે. સમાજના સભ્ય તરીકે સમાજનું ગૌરવ વધારવું આપણી પવિત્ર ફરજ છે. સમાજના ગૌરવમાં આપણું પણ ગૌરવ છે, આપણું હિત પણ છે. તો ચાલો સૌ એક થઈ સગઠિત થઈ આ દિશામાં ભગીરથ પ્રયત્નો કરીએ (૧) સંગઠનમાં શક્તિ છે. દા.ત. ફણીધર સાપને અંસખ્ય કીડીઓ મારી નાખે છે અને ફોલીને ખાઈ પણ જાય છે. કોઈને અગુંઠો કે આંગળી મારવાથી કાંઈ વળતું નથી પણ પાંચેય આંગળીઓ ભેગી કરી ગડદો મારવાથી સામાવાળો લોહી ઓકતો થઈ જાય છે. હવામાં બળ નથી પણ એ જ હવા વાવાઝોડુ બની ભયંકર વિનાશ કરે છે. પાણી નિર્બળ છે, પણ પાણીનું પૂર અકલ્પનીય વિનાશ વેરે છે. આપણે પણ સૌ સાથે મળી સંગઠિત પ્રયત્નો કરીશું તો સમાજમાં વિકાસ આકાશને આંબશે.

(૨) સમાજમાં આ માટે જાગૃતિ લાવવી ખાસ જરૂરી છે. આ માટે ''સૌ પહેલાં તો આપણે સૌએ ''સતવારા દર્પણ''ના ગ્રાહક બનવું જોઈએ. દૃઢ સંકલ્પ કરી આપણે સૌ આજે અને અત્યારેજ ભગવાને જેને આપ્યું છે તે દરેક પાંચ વાર્ષિક રૂા. ૫૦૦ , દશ વાર્ષિક રૂ.। ૧,૦૦૦, આજીવન રૂ. ૨,૦૦૦ ભરી સતવારા દર્પણના ગ્રાહક બનીએ. બીજું આપણે સૌ આપણા ગામના સમાચારો સતવારા દર્પણમાં મોકલીએ. ત્રણ, આપણે સૌ સમય કાઢી ગમે ત્યાંથી સતવારા દર્પણ મેળવી વાંચીએ. ચાર, સતવારા દર્પણના સમાચારોનો પ્રતિભાવ આપીએ સત્કાર્ય કરનારાઓને પ્રોત્સાહિત કરીએ. હવે સમાજમાં કોઈને પૈસાની તકલીફ નથી. (૩) સમાજના કામ એકલા હાથે ન થાય. રામ, કૃષ્ણ અને ગાંધીજી જેવા અવતારી કે દૈવી પુરૂષો એ પણ વાનર, રીંછ, ગોવાળો અને સમાજનો સહકાર લીધો હતો. આપણે પણ સમાજના કોઈ પણ કામ-જેવા કે સતવારા દર્પણના ગ્રાહકો નોંધવા, બોર્ડિંગ માટે ફાળો ઘઉં, ઉઘરાવવા, ઈનામ વિતરણ કાર્યક્રમ માટે ફાળો ઉઘરાવવો કે સમુહ લગ્ન, યુવા મેળા, જ્ઞાતિ સંમેલન માટે ફાળો ઉઘરાવવો કે સેવા કાર્ય માટે બે-પાંચ સાથે મળી કામ કરીશું તો અસાધારણ સફળતા મળશે, મહેનત લેખે લાગશે, કામ થયાનો આનંદ થશે.

(૪) સમાજમાં અસંખ્ય કર્મચારીઓ, નિવૃત્ત લોકો, યુવાનો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, ધંધાદારીઓ છે સૌ યથાશક્તિ તન-મન-ધનથી સહકાર આપે તો સમાજની

ઉન્નતિ અનેક ગણી થાય. જરૂર છે. આગળ ચાલી, સહકાર લઈ બે-પાંચને સાથે લઈ આગળ વધવાની જરૂર છે. વ્યક્તિ -વ્યક્તિ પાસે પહોંચવાની. વ્યક્તિઓની શક્તિઓની સમાજ માટે લાભ લેવાની, વ્યક્તિઓને સાથે લઈ કામ કરવાની.

(૫) માગ્યા વિના મા પણ પીરસતી નથી. માગ્યા વિના કોઈ દેતું નથી. જરૂર છે. સમાજ માટે વ્યક્તિ-વ્યક્તિ પાસે સમાજ માટે હાથ લાંબો કરવાની. આ કામ કોઈ નહીં કરે તો, કામ ક્યાંથી થશે ? કોઈક તો કામ કરવું જ પડશે. આપણો સમાજ નાનો નથી. સૌ સહકાર દેવા તૈયાર છે, જરૂર છે સહકાર માગનારાની ચાલો, સમાજ માટે કામ કરી જીવન ધન્ય બનાવીએ. સમાજને ઉન્નત બનાવીએ.

(૬) કેટલાક લોકો સમાજનું સંગઠન (કોઈ પણ સંસ્થા) રચાય ત્યારે સત્તા-હોદ્દો - પદ મેળવવા બધા પડાપડી કરે છે. ખરેખર જેની પાસે સમય હોય, શક્તિ હોય, દૃષ્ટિ હોય, કામ કરવાની ભાવના હોય એવા આગેવાનો અને લોકો એ જ કોઈ પણ સંસ્થાનો હોદ્દો કેસ સભ્ય પદ મેળવવું જોઈએ. સ્વાર્થ ખાતર કોઈએ સેવા-સંસ્થામાં હોદ્દો કે સભ્યપદ લેવું એ પાપ છે. જો તમારે નાણાંકીય કે રાજકીય -સામાજિક લાભ લેવો છે. તો તમે વેપાર - ધંધામાં પડો, રાજકીય પક્ષમાં જોડાઓ, તમને કોણ રોકે છે. ધરાઈને સત્તા ભોગવો, ધન કમાઓ. સેવા સંસ્થાનો સ્વાર્થ માટે ઉપયોગ ન કરવો જોઈએ. - આમકરવું મહાપાપ છે. જો તમારી પાસે જવાબદારીને ન્યાય આપવાની શક્તિ નથી કે ઈચ્છા નથી તો સેવા સંસ્થામાં મહેરબાની કરી ન જોડીઓ અને જો જોડાયા હોય તો સમાજ ખાતર છૂટા થઈ જવું યોગ્ય વ્યક્તિને તક આપો. આવા નિષ્ક્રિય લોકો જ સમાજની સેવા નહીં, સમાજનું નખોદ વાળે છે.

(૭) દરેક સંસ્થાના દરેક પદાધિકારી પોતાની સેવાનો હિસાબ જાહેર કરે તો ખબર પડે કે કોણ કેટલામાં છે. કોઈ કામગારીનો હિસાબ જ આપતા નથી, જે ભારે દુઃખની વાત છે, જે સમાજ વિકાસને બ્રેક મારે છે. આવા તત્વોને દૂર કરવા જોઈએ.

(૮) કામ કરવું સરળ છે, પણ કરે તો ને ? એકવાર મેં અને શ્રી શંકરભાઈ દલવાડી (લીંબડી) એ સવારથી બપોરના ૨ સુધીમાં ૭૦ સતવારા દર્પણ ગ્રાહકો નોંધ્યાનું મને યાદ છે. બધા આમ ન કરી શકે ? મેં ''સાધના'' સાપ્તાહિકના કાર્યકર્તા સાથે રહી અનેક વાર્ષિક-ત્રિવાર્ષિક-આજીવન ગ્રાહકો નોંધ્યા હતા. ધારે તો બધા બે - પાંચની ટોળી બનાવી સતવારા દર્પણના ગ્રાહક બનાવી શકે છે. હવે સતવારા દર્પણ આપણું એક માત્ર મુખ પત્ર છે. બધા જ સતવારાના ઘરે તે આવવું જોઈએ-જોઈએ અને જોઈએ જ. વાતો કરવાથી કાંઈ વળતું નથી. કામ કરવાથી જ સમાજનો વિકાસ થાય છે. નાના નાના કામ માટે બધાએ નાની-નાની ટોળીઓમાં કામ કરી સમાજના વિકાસમાં ફાળો આપવો જોઈએ.

(૯) સમાજમાં કેટલા લોકો નિવૃત્ત નોકરીયાત હશે ? સેંકડો હશે ને ? આપણી કોઈ સંસ્થામાં માનદ્ સેવા આપે છે ? કેમ ? સમાજનો વિકાસ કરવો હોય તો બધાએ પોતાની શક્તિનો ગજા ઉપર વટ જઈને સમાજને સહકાર દેવો જોઈએ, વાતોથી કાંઈ વળતું નથી.

(૧૦) ઘણા લોકો સમાજની સંસ્થાઓ વિશે, જાણ્યા વગર ચર્ચા-ટીકા-નિંદા કરતા હોય છે. નિંદા કરવાથી કાંઈ વળતું નથી, પોતે ઉમદા કામ કરી દાખલો બેસાડવો જોઈએ.

(૧૧) વાતો કરવાથી કાંઈ વળતું નથી. સમાજના નાના મોટા દરેક સભ્યે સમાજ માટે યથાશક્તિ-તન-મન-ધનથી સેવા કરવી જોઈએ. ભગવાન કોઈનું રાખતો નથી, સેવાનું ફળ આપે જ છે. ભૂતકાળમાં થયેલ સમાજ સેવાના પરિણામે આજે સમાજ સુખી છે. જો હજુ વધુ સુખી-સમૃદ્ધ થવું હોય તો પ્રત્યેક જ્ઞાતિજને તન-મન-ધનથી યથાશક્તિ સહકાર આપવો પડે- આપવો જોઈએ. હાલમાં રાજકોટ અને અમદાવાદ ખાતે વિરાટ કન્યા છાત્રાલયો બની રહ્યા છે. ગાંધીનગરમાં જમીન લેવાઈ ગઈ છે, ભૂમિ પૂજન થઈ ચુક્યું છે, ટી.પી.ની મંજુરી મળ્યે વિરાટ શિક્ષણ સંકુલ નિર્માણ થવામાં છે. આ વાતની કોને ખબર નથી ? બધાને ખબર છે. કેટલાયે દાન નોંધાવ્યા ? આજે ઓનલાઈનનો જમાનો છે. કોને પૂછવાનું છે ? બધા યથા શક્તિ દાન નથી. નોંધાવી શકતા ? મુઠ્ઠીભેર આગેવાનો સમાજની પ્રત્યેક વ્યક્તિ પાસે

કેવી રીતે પહોંચે. સૌએ સ્વયં પ્રેરણાથી શક્તિ ઉપરવટ જઈને પોતાનું અને પૂર્વજોનું ગૌરવ વધે તેવું દાન ન નોંધાવવું જોઈએ ? સારા કામમાં સૌ સ્વયં પ્રેરણાથી સહકાર આપવો જોઈએ. આજે કોને પૈસાનું દુઃખ છે ? ભાગ્યેજ કોઈને હશે. સમાજમાં સમાજપ્રેમીઓનો તૂટો છે ? નથી. આપણે સૌએ સમાજના વિકાસ માટે સહકાર આપવો જ પડશે. નિષ્ક્રિય બેસી રહેવાથી સમાજ વિકાસ નહીં થાય.

મહાન વડાપ્રધાન હોવા છતાં દેશની દુદર્શા કેમ છે ? દેશમાં દેશ ભક્તિનો અભાવ છે, ફરજ પાલનનો અભાવ છે. બધાને સ્વાર્થ સાધવો છે, નાના મોટા સૌ દેશને લૂંટવામાં વ્યસ્ત છે - માટે દેશની દુર્દશા છે.

આપણા સમાજનું પણ એવું જ છે, બધા નિષ્ક્રિય છે. પ્રગતિ કેવી રીતે થાય ? (૧) શ્રી કાંતિભાઈ માસ્તર વઢવાણની વાણીમાં જાદુ છે એક કલાકમાં વાડી કે બોર્ડિંગ બનાવવાની શક્તિ છે. તેઓ તૈયાર છે, આપણે લાભ લેતા નથી. ધારીએ તો એકજ વર્ષમાં ગામે ગામ નાતની વાડીઓ અને જ્યાં જ્યાં જરૂર છે ત્યાં જ્ઞાતિ બોર્ડિંગો અને કન્યા છાત્રાલય બની જાય તેમ છે. કામ બહુ સરળ છે. (૧) જ્ઞાતિ-ભોજન કરાવો (૨) આસપાસના સમાજને બોલાવો (૩) કાંતિભાઈને માઈક આપો. એક કલાકમાં વાડી કે બોર્ડિંગ ઉભી. શા માટે તકનો લાભ લેતા નથી ? કોની પૂછા વાટ છે ? દરેક નાના મોટા ગામમાં વાડી (જ્ઞાતિની) હોવાથી સમાજને ખૂબ લાભ થશે. મોંઘવારી વધતી જાય છે. મોડું કરશો તો મુશ્કેલી વધશે. અત્યારનો નહીં, ૫૦-૧૦૦ વર્ષનો વિચાર કરીને ચાલો. શુભષ્યશીઘ્રમ. સમાજનો વિકાસ કરવા નાના મોટા-ભાઈ-બહેનો બધાએ આક્રમક થઈને સમાજ સેવા કરવાની જરૂર છે. નિર્માલ્ય થઈને બેસી રહેવાથી કાંઈ વળશે નહીં. સમયની માગ છે. - સૌએ સ્વેચ્છાથી સ્વયં પ્રેરણાથી ગજા ઉપરવટ જઈને તન-મન-ધનથી સમાજની સેવા કરવાની જરૂર છે, સતવારા દર્પણને ઘેરઘેર પહોંચાડવાની જરૂર છે. જય સિદ્ધનાથ.

**લિ. રામજીભાઈ મકવાણા, પૂર્વમંત્રી,**
**શ્રી સમસ્ત સતવારા મહામંડળ**

# પાંચમી વાર્ષિક પુણ્યતિથિ



**સ્વ. પ્રવિણભાઈ અમરશીભાઈ કટેશીયા**
**જન્મ તા.૦૬-૦૪-૧૯૭૪ સ્વ. તા. ૦૩-૦૫-૨૦૨૧**
**મુ. વેરાડ, તા. ભાણવડ જી. દેવભૂમિ દ્વારકા**

પુરૂષાર્થ કરી શૂન્યમાંથી સર્જન કરી
કષ્ટ સહન કરીને,
પરિવાર માટે ફૂલો પાથરી ગયા,
સુખમાં છલકાયા નહીં દુઃખથી ડર્યા નહીં
વ્યવહાર કદી ચુક્યા નહીં, ધર્મ કદી ચુક્યા નહી
રડી પડે છે આંખો અમારી
જોઈને તસવીર તમારી
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે
એજ પ્રાર્થના...

**અમરશીભાઈ ભાણજીભાઈ કટેશીયા**
**વિનોદભાઈ અમરશીભાઈ કટેશીયા**
**ભાર્ગવ પ્રવીણભાઈ કટેશીયા**
**સુમીતભાઈ વિનોદભાઈ કટેશીયા**

**સતવારા દર્પણ અશ્રુભરી શ્રદ્ધાંજલિ આપે છે અને શ્રદ્ધાંજલિ ભેટ રૂા. ૫૦૦ ઓનલાઇન મોકલેલ છે.**

# જાણકાર બનીએ સતર્ક રહીએ

જેમ જેમ કોમ્પ્યુટર પ્રકારના ડિજીટલ ઉપકરણોનો વપરાશ વધતો જાય છે તેમ-તેમ તેને લગતા ગુન્હાઓની સંખ્યા પણ વધી રહી છે. જો કે ખૂન, લુંટ, ચોરી પ્રકારના ગુનાઓ કરતા સાઈબર ક્રાઈમની કાર્ય પદ્ધતિ (મોડસ ઓફ ઓપરેંટી) સાવ જુદા પ્રકારની છે. આથી જ તો વર્ષ ૨૦૨૪ માં એકલા ભારતમાં ૨૩ લાખથી વધુ ઓનલાઈન ફ્રોડ નોંધાયા છે. ૮૫ ટકા થી વધુ આર્થિક કારણો સાથે સંકળાયેલ ગુનાઓ વરચ્યુઅલ સિસ્ટમથી થતા હોય. પોલીસ વિભાગ પણ મહદ અંશે સહાનુભૂતિ અને ગુમાવેલ રકમ પરત આવશે તેવા અધિકારો આપવા સિવાય કંઇ વધુ મદદ કરી શકતી નથી.

કોઈ અજ્ઞાત નામ અને સ્થળથી એક નાના સીમકાર્ડ અને મોબાઈલ પ્રકારના સાધનથી ભલા-ભોળા માણસની નબળાઇ ને હેક કરીને તેના બેંક એકાઉન્ટમાં ઘુસીને પૈસાની ઉઠાંતરી કરનાર દેખીતા ચાલક પણ માણસાઈથી પરવારી ગયેલા યુવકોની આજે ભરમાર વિકસી છે ત્યારે ઈન્ટરનેટ વાપરતા પ્રત્યેક વ્યક્તિએ જ હવે આર્થિક સાક્ષરતા અપનાવવી જરૂરી બને છે.

૫૦ ના દાયકામાં અમેરિકામાં જાણીતી બનેલ માફીયા વોર દરમિયાન હથિયારના જોરે ગુંડાઓ ઉદ્યોગ ધંધાના માલિકોના કાયદેસરના નાણા અસામાજીક કાર્યો માટે ઉઠાવતા આવા જ હેતુ માટેની પ્રવૃત્તિ આજે સાઈબર ક્રાઈમ તરીકે વિકસી છે. પ્રથમ નાગરિકોને ઇ-મેઈલ કે ટેકસ મેસેજથી મોટા ઈનામોની લાલચ આપી જાણીતી કંપનીઓના સ્કેન કરેલા લોગો વાપરી લાલચમાં ફસાવી દેવામાં આવે છે. યુવા વખતે સાયબર પોનોગ્રાફીથી ફસાવવામાં આવે છે તો એન્જીનીયરીંગ, ડૉકટરી, ચાર્ટડ એકાઉન્ટ અને સિવિલ વર્કના શિક્ષણ તેમજ ડીઝાઈનના સોફટવેર પાયરસીની જાળમાં ફસાવી દેવામાં આવે છે.

આધાર કાર્ડ, પાન કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ કે પછી ચૂંટણીકાર્ડ જેવી વ્યક્તિની અંગત માહિતી બેંક, પોસ્ટ અને સરકારી વિભાગોના લાલચુ કર્મચારીઓ થોડા લાભ માટે વહેંચી નાખે છે, તેથી સાયબર ગુનેગારો તમારા નામ-ગામ-ઉંમર, જાતી અને કુટુંબીજનેની ઓળખ જેવા આત્મિક સંબંધો આગળ ધરી વ્યક્તિગત હિતનો રંગ પાથરવામાં સફળ રહે છે અનેક કિસ્સાઓમાં મોબાઈલ પર લાંબી-લાંબી વાતો, અને ઓનલાઈન ચેટીંગ કરનારના પસમાં આસાની હેકર્સ દ્વારા પ્રોગ્રામ ઈન્સ્ટોલ કરી નાંખવામાં આવે છે. આથી વાયરસ પછીથી કોમ્પ્યુટરના બ્રેકગ્રાઉન્ડમાં કાર્યરત રહે છે. ઓફીસનાં ટેબલ પર પડી રહેલ લેપટોપ, ફોનના ઉપયોગથી સાયબર ટેરેરીઝમ અને વેબસાઈટ હેક થવાની ફરિયાદો વધી રહી છે.

વર્ષ ૨૦૧૧ સુધી વ્યક્તિલક્ષી સાયબર ક્રાઈમ હવે સલામી એટેકના નામથી સામુહિક રીતે સીસ્ટમ ઉપર વાર કરી રહ્યો છે. ઉદાહરણ રૂપે બેંકમાં ૮ ટકા વ્યાજ તરીકે રૂ. ૧૦૦. ૨૬ પૈસા જમા થવાની જગ્યાએ ૨૬ પૈસા ઓછા જમા થશે. રોકાણકારો આવી ભૂલ સહજ રીતે નજર અંદાજ કરી દે છે. પણ ભારતની રાષ્ટ્રીયકૃત બેંકોમાં એક જ દિવસમાં કરોડો ધારકોના સંદર્ભમાં આ રકમ અબજોમાં જતી રહે છે. સાઈબર બુલીંગ દ્વારા શાળામાં કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓમાં હતાશા તેમજ વિશિષ્ટ પ્રકારના વાયરસથી ઓનલાઈન ખરીદીનો આધાર લેનાર કરોડો વ્યક્તિઓમાં કોઈ એક પ્રોડકટ કે કંપની માટે નબળો અભિપ્રાય તૈયાર કરી તેની વેચાણ બજારને ઠેકાણે કરવાનું કાર્ય પણ સાઈબર ક્રિમિલ્સ કરી રહ્યાં છે.

બિહારનાં એક નાનકડા ગામ જામતારા, નામથી જ કાસ્ટ થએલ વેબસિરીઝમાં પોતકી ભાષા, કામુક અને લાલચની ભાષામાં ફસાવવામાં આવતા વૃદ્ધો, નેતાઓ, યુવકો, ગૃહીણીઓના અનેક કિસ્સાઓ દર્શાવાયા છે.

પરંતુ જમીની દુરદશા એ રહે છે કે આધારકાર્ડની ફોટો કોપી આપનારથી લઈ જથ્થાબંધ સીમકાર્ડ વેચનાર સાથોસાથ બેંક, પોલીસ, અને ચૂંટાયેલા નેતાઓની છત્રછાયામાં યુવકે માઈલો દુરથી સાયબર ક્રાઈમ સફળ રીતે યોજી રહ્યાં છે, વૈશ્વિક સ્તેર વિસ્તરેલા સાયબર ક્રાઈમને નાથવો અનિવાર્ય

છે, પરંતુ કાયદો અને વ્યવસ્થાના રાજય સ્તરીય નિગમો આખા દેશમાં અમલી કરવાનું મુશ્કેલ છે તેમ રાષ્ટ્રીય નિયમો આંતરરાષ્ટ્રીય સરહદો તોડવા ટૂંકા પડે છે.

આ વાસ્તવિકતા વચ્ચે હવે મોબાઈલ, કમ્પ્યુટર પ્રકારની વર્ચુઅલ સેવા વાપરનારે જ જાતે કાળજી લેવી પડશે જેવી કે અલગ મેઈલ કે ઓનલાઈન શોપીંગ એકાઉન્ટ માટે અલગ અલગ પાસવર્ડનો ઉપયોગ કરો, પાસવર્ડમાં આંકડા, એ ટુ ઝેડ (આલ્ફાબેટ) અને સ્પેશિયલ કેરેકટર જેવા કે, અપર કેસ-લોઅર કેસનો એક સાથે અચૂક ઉપયોગ કરવો, તમારી જન્મતારીખ, જન્મ સ્થળ, વાહન નંબર, મોબાઈલ નંબર જેવી સાર્વજનિક બાબતોનો પાસવર્ડ તરીકે ક્યારેય ઉપયોગ કરવો નહીં, કપ્યુટર હંમેશા લાયસન્સ એન્ટી-વાયરસ સોફટવેર સાથે એન્ટી સ્પાયવેર સોફટવેર સાથે એન્ટી ઈનસ્ટોલ કરવો. અને તેને નિયમિત કંપનીની ઓફિશિયલ વેબસાઈટ અથવા સોફટવેરમાં આપેલી લીંક પરથી જ અપડેટ કરવો. ઓન લાઈન બેન્કીંગ અથવા ઓનલાઈન શોપીંગ હંમેશા તમારા વિશ્વસનીય પીસી પરથી જ કરવું ક્યારેય પણ પબ્લિક પીસી /સાઈબર કાફે અજાણ્યા પીસીથી કરવું નહી. એક વાત યાદ રાખો કે, વિશ્વની કોઈપણ બેંક કયારેય પણ પોતાના ખાતેદારોને ઈમેઈલ દ્વારા પાસવર્ડ કે એકાઉન્ટની સિકયુરીટી અપડેટ કરવા જણાવતી નથી. જેથી કયારેય પણ મેઈલમાં આવેલી અજાણી લીંક પર કલીક કરવું નહીં, વિશ્વમાં કયારેય પણ કોઈ મફત આપતું નથી માટે લક્કી ડ્રો કે અઢળક ઈનામના લલચામણા મેઈલ કે ટેકસ મેસેજનો રીપ્યાલ આપવો નહીં, જો તમોએ કોઈ વિશ્વસનીય વેબસાઈટ પરથી પણ ઓનલાઈન શોપીંગ કરવાનો આગ્રહ રાખવો. તમારી બેંક કઈ ગાઈડ લાઈન અપનાવી રહેલ છે તેની રૂબરૂમાં મુલાકાત લઈ વિગત મેળવો, એ.ટી.એમ. મશીન પર પીન નંબર દાખલ કરતી વખતે તમારા એક હાથનું કવર બનાવી જે હાથે પીન નંબર દાખલ કરતા હોય તેને ઢાંકી રાખે.

આજકાલ યુવાન સ્ત્રીઓને પણ સ્ટોકીંગ દ્વારા ત્રાસ આપવામાં આવે છે. ધર્મ વિરૂદ્ધની પરિસ્થિતિમાં ફસાવી દેવામાં આવ છે. આવા બ્લેક મેઈલથી અથવા જે નંબરો પરથી કોલ્સ કે મેસેજ આવતા હોય તે નોંધી રાખો, તેવા નંબરોને બ્લોક કરી નાખો. તમારો ગુસ્સો કે તમારો કોઈપણ પ્રકારનો પ્રતિભાવ સ્ટોકરની હિંમત વધારશે. માટે તેના ઈમેઈલ, ટેકસ મેસેજ કે અન્ય સંદેશાઓનો જવાબ ન આપવો, હંમેશા ભીડભાડ વાળા વિસ્તારમાંથી આવવા જવાનું પસંદ કરો, શંકા પડયે તમારા વડીલો કે ભરોસાનો મિત્રને જાણ કરો, સ્થિતિ વણસતી જણાય તો તુરંત જ પોલીસને જાણ કરો. તમારો ફોન નંબર બદલી જુનો નંબર ચાલ રાખો અને તેમાં સ્ટોકર તરફથી આવતા મેસેજીસ સેવ રાખો જેથી પોલીસને તપાસવામાં મદદરૂપ થાય, તારા સોશિયલ નેટવર્કીંગ એકાઉન્ટનું ફ્રેન્ડલીસ્ટ ચકાસી તેમાં ભળતા નામ વાળા મિત્રોની યાદી બનાવો અને તે પૈકી સાચા અને ભરોસાના મિત્રોથી ખાતરી કરે કે, તેના નામ વાળી પ્રોફાઈલ તેની જ છે કે અન્ય અજાણ્યા વ્યક્તિની ?

ભારત સરકારનું ગૃહ મંત્રાલય મોબાઈલ ધારકોને સતત ચેતવી રહી છે રીઝર્વ બેન્ક પણ અમિતાભ જેવી ખ્યાતનામ વ્યક્તિને આગળ રાખી કહે છે ''જાણકાર બનો સતર્ક રહો'. આમ છતાં ન કરે નારાયણ અને સાઈબર ક્રાઈમમાં ફસાઈ જઈએ તો ખ્યાલ રહે, જો આપને કોઈ ફીશીંગ મેઈલ આવેલ હોય અને તે સ્કેમનો ભોગ બની ગયા હો તો તેવા મેઈલ કયારેય પણ ડીલીટ ન કરશો કે કોઈને ફોરવર્ડ ન કરશો. આ મેઈલ પોલીસને તપાસ માટે મદદરૂપ થશે. તમારી પાસે ફોન કોલ્સ દ્વારા ઓટીપી માંગવામાં આવે તો આપવો નહીં અને તેવા ફોન નંબરો એક એકાઉન્ટ નંબરો નોંધી રાખવા. તમારી પોતાની સોશિયલ નેટવર્કીંગ વેબસાઈટો પરની પ્રોફાઈલમાં તમોએ આપેલી વિગતો નોંધી રાખવા જેવી બનાવટી પ્રોફાઈલ અને સાચી પ્રોફાઈલ વચ્ચે અંતર કરી શકાય, જે મેઈલ આઈ.ડી. પરથી લક્કી ડ્રો કે ઈનામો અને રૂપિયા જમા કરાવવા અંગેના મેઈલ આવતા હોય તેવા મેઈલ આઈ.ડી. અને બેન્ક એકાઉન્ટની વિગતો નોંધી રાખવી, સોશિયલ નેટવર્કીંગ વેબસાઈટસ અંગેની ફરિયાદો માટે નજીકનાં સાયબર પોલીસ સ્ટેશનમાં સત્વરે ફરિયાદ કરવી હિતાવહ છે.

**લેખક : ડો. નાનક ભટ્ટ**

**સંકલન :**

**શ્રી ભરતભાઈ જી. પરમાર**

**અમદાવાદ**

# વિટામીન 'ઈ'ની માનવ શરીરમાં અગત્યતા

વિટામીન ઈ એ ચરબીમાં ઓગળવાનું દ્રવ્ય છે અને તે શરીરમાં ઘણા જરૂરી કાર્યો કરે છે. આ વિટામીન ધ્યાનમાં ત્યારે આવ્યું જ્યારે ૧૯૮૦ ના દસકામાં વૈજ્ઞાનિકોએ શોધ્યું કે શરીરમાં બહારથી આવતા એક પ્રકારના ફ્રી-રેડિકલ તત્ત્વથી શરીરમાં નુકશાન થાય છે જેને કારણે નાની ઉંમરમાં ધમનીઓ બ્લોક થાય છે અને એથરોસ્કેલરોસીસ નામની પ્રક્રિયા થાય છે, કેન્સર થવાની શક્યતા વધે છે, આંખોની દૃષ્ટિ ઘટે છે. અને બીજી કેટલીક સ્થિતિઓ વાંરવાર ઊભી થાય છે. વિટામીન ઈ એન્ટિઓક્સિડન્ટ ગુણધર્મો ધરાવે છે અને તેનામાં ફ્રી રેડિયલ તત્ત્વથી થતા નુકશાન સામે કોષોને રક્ષણ આપવાની ફ્રી રેડિયલ-તત્ત્વ બનતા રોકવાની ક્ષમતા છે. જ્યારે ખોરાક વધારે પડતો લો-ફેટ હોય તો તેમાંથી આ વિટામીન મળતું નથી કારણ કે વેજીટેબલ તેલ આ વિટામીનનો મુખ્ય સ્તોત્ર છે અને વિટામીન ઇ ખોરાક કે દવા સ્વરૂપે થોડી ચરબીવાળા પદાર્થ જોડે લેવામાં આવે તો વધારે સારી રીતે શોષાય છે, આથી બધું જ ફેટ-ફ્રી ખાનારા લોકોને આ વિટામીન સહજ રીતે મળતો નથી.

**વિટામીન ઇ ના કાર્યો**

**કેન્સરનું જોખમ ઘટાડે છે :** વિટામીન એન્ટિઓક્સિડન્ટ ગુણધર્મો ધરાવે છે આથી તે કેન્સર કોષોના નુકસાનને અટકાવે છે. કેટલાંક સંશોધનો સૂચવે છે કે વિટામીન ઈ અને સેલેનિયમ (એક અગત્યનો ક્ષાર) જો શરીરમાં ઓછા હોય તો સ્તન અને ફેફસાનું કેન્સર થવાનું જોખમ વધી શકે છે. પરંતુ તે માટે સપ્લીમેનેટ લેવા પડે એમ નથી. ખોરાક દ્વારા પણ આ પોષકતત્ત્વો મેળવી શકાય છે.

**આંખની દૃષ્ટિ :** વિટામીન ઈ આંખોના કોષોને રક્ષણ આપે છે. આ વિટામીન પૂરતું લેવાથી ઉંમરને કારણે થતા મેકયુલર ડીજનરેશન અને મોતિયાને થોડો સમય ટાળી શકાય છે. તેની અછતથી આંખની અમુક તકલીફો વહેલી જોવા મળે છે. ઘણીવાર તે માટે વિટામીન ઇ અને બીજા પોષકતત્ત્વો સપ્લીમેન્ટ તરીકે આપે છે.

**રોગપ્રતિકારક તંત્રની ક્ષમતા વધારે છે :** રોગો રક્ષણ મેળવવા માટે એક તંદુરસ્ત પ્રતિકારક તંત્ર જોઈએ છીએ, જેમાં સામાન્ય શરદીથી લઈને કેન્સર સુધી બધા નાના-મોટા રોગો આવી જાય છે. તે આંતરિક પ્રતિકારકતા જાળવી રાખે છે. સંશોધન સૂચવે છે કે વિટામીન ઇ શરીરના કેટલાક પ્રતિકારક કોષોમાં ઘણા વધારે પ્રમાણમાં હોય છે.

**લોહીના ગઠ્ઠા થતા અટકાવે છે :** વિટામીન ઈ કુદરતી બ્લડ થીનર છે. જે લોહીમાં ગઠ્ઠા જામવા દેતું નથી. ? આવા ગઠ્ઠા થાય તો હાર્ટએટેક આવવાની શક્યતા વધી જાય છે. પરંતુ જો તમે લોહી પાતળું કરવાની દવાઓ લેતા હો તો આ વિટામીન ન લેવું

**ત્વચાની ક્રાંતિ :** મોટાભાગના મોઈશ્ચરાઈઝર, સાસ્ક્રીન, અને સ્કીન કેર પ્રોડકટમાં વિટામીન ઈ હોય જ છે. તે ત્વચાના કોષોને અલ્ટ્રાવાયોલેટ કિરણો સામે રક્ષણ આપે છે

**પ્રજનનતંત્ર :** વિટામીન ઈ શરીરમાં પ્રોસ્ટાગ્લેન્ડીન નામનું કેમિકલ બનાવે છે, જે પ્રોલેકટીન નામના હોર્મોનમાં ઘટાડો કરે છે. પ્રોલેકટીન ઓવ્યુલેશન દરમ્યાન વધે છે અને તે પ્રી-મેન્ટુએશન જેવા શારીરિક અને આવેગિક લક્ષણો ઊભા કરે છે. પ્રોલેકટીનના સ્તરે બેલેન્સ રહે તે પ્રજાનનતંત્ર માટે જરૂરી છે કેમકે તેનાથી જ સ્ત્રીનું પ્રજનનતંત્ર સારી રીતે કામ કરી શકે છે.

**વિટામીન ઈ ની અછત થતા નીચેની સામાન્ય તકલીફો થાય છે.**

● રેટીનોપથી એટલે કે આંખના રેટીનાને નુકશાન થાય છે જે દૃષ્ટિ ખરાબ કરે છે. જોવામાં તકલીફ પડે છે.

● પેરીફરલ ન્યુરોપથી થઈ શકે છે. જેમાં હાથ અને પગની નસોમાં નુકશાન થાય છે. જેનાથી અશક્તિ, હાથ અને પગમાં ઝણઝણાટી અને દુઃખાવો થાય છે

● શરીરના હલનચલન પરથી કાબુ ઓછો થઈ જાય છે. જેનાથી ચાલવામાં તકલીફ થઈ શકે છે અથવા સ્નાયુઓના હલનચલન પર કાબુ રહેતો નથી

● જે બાળકો પ્રી-ટર્મ જન્મ્યા હોય તેમના વિટામીન ઈ ની અછતથી એનિમિયા થઈ શકે છે.

આ વિટામીન સપ્લીમેન્ટ તરીકે લેવા માટે કોઈ એક નિશ્ચિત સમય જાળવવો વધારે સારો છે. સવાર કે સાંજ જ્યારે પણ લો, તેને થોડી ચરબીવાળા નાસ્તા કે ભોજન પછી લેવું જેથી તેમાં રહેલી ચરબીમાં તે સારી રીતે શોષાય.

**વિટામીન ઇના પ્રાપ્તિસ્થાન :** આ વિટામીન વનસ્પતિજ તેલો, નટ્સ, સીડ્સ અને શાકમાંથી મળે છે. ખાસ કરીને ઘઉંના વચ્ચેના ભાગનું (વ્હીટ જર્મ) તેલ, સુરજમુખી સોયાબીનનું તેલ અને સૂરજમુખીના બિયાય આ સિવાય બદામ, મગફળી, પીનટ, બટર, બીટના પાંદડા, પાલખ, કોળું, લાલ કેપ્સીકમ, કેરી, એસેપેરગસ, એવોકાડો વગરે...

વિટામીન ઈનું પાચન અને શોષણ થવા માટે લીવરમાં બનતા બાઈલ એસિડની જરૂર રહે છે તથા સ્વાદુપિંડના ઉત્સેચકોની પણ જરૂર પડે છે. આ ઉત્સેચકો ચરબીયુકત હોય છે અને લીપોપ્રોટીન સાથે હોય છે જે શરીરમાં પોષકતત્ત્વો પહોંચાડે છે .

આમ, જેનું નામ કે કામ વધુ જાણીતું નથી તેવું વિટામીન પણ શરીર માટે જરૂરી તો છે જ. એટલા જ માટે પોષણવિજ્ઞાનનું પાયાનું કોઈ પણ મોટું કે નાનું તત્ત્વ બાકી ન રહી જાય.

**લેખક : ડો. જાનકી પરીખ**

**સંકલન : ડો. પરેશ રમણલાલ સથવારા-અમદાવાદ**

# ડો. જીગ્નેશ આર. ચૌહાણ

M.S. (Gynec), F.M.A.S

સ્ત્રીરોગ નિષ્ણાંત



# શ્રીજીસત્વ

# ગાયનોકેર હોસ્પિટલ

- દુરબીન (લેપ્રોસ્કોપી) વડે ગર્ભાશયને લગતા તમામ ઓપરેશન
- દુઃખાવા રહીત તથા જોખમી ડિલીવરી, સિઝેરિયન ડિલીવરીની સુવિધા
- વ્યંધત્વ / ઈન્ફર્ટીલીટીની સારવાર
- 3D / 4D સોનોગ્રાફીની સુવિધા
- ટેસ્ટ ટયુબ બેબી *(IVF)* ની સારવાર
- *AC VIP Suit* રૂમ, *AC* ડીલક્ષ રૂમ અને *AC* સ્પેશિયલ રૂમ, સેમી સ્પેશિયલ રૂમ, જનરલ રૂમ

જીનતાન રોડ, મિલન સિનેમા પાસે, સુરેન્દ્રનગર.
મો. ૮૨૦૦૭ ૬૫૨૯૪, ૯૪૦૯૯ ૧૧૦૦૮

POSTED AT RMS SURENDRANAGAR 8th EVERY MONTH RNI-GUJ.GUJ/2001/5150
SATWARA DARPAN DATE OF PUBLICATION 8th EVERY MONTH **G/SEN./265/2024-2026**

LAVANYA
—MULTISPECIALITY DENTAL CLINIC—

# લાવણ્ય મલ્ટીસ્પેશ્યાલીટી
## ડેન્ટલ ક્લિનિક & ઈમ્પ્લાન્ટ સેન્ટર

ડૉ. ચિરાગ વી. મકવાણા (M.D.S. Orthodontics) ડૉ. નિકીતા આર. કણઝારીયા (M.D.S. Orthodontics)
સમય : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ • સાંજે ૫:૦૦ થી ૮:૦૦ • (મો.) ૮૮૬૬૭૦૩૦૩૪, ૯૯૨૫૨૪૭૦૬૯
૪-૫, પહેલા માળે, સનરાઈઝ એવન્યુ, વેદાંત હોસ્પિટલની સામે, મેટ્રો પીલર નં. ૨૦૫ પાસે, નવરંગપુરા, અમદાવાદ.

સૌજન્ય : વિનોદભાઈ સી. મકવાણા



સ્કેનરની મદદથી દાંતની ચકાસણી કરી આધુનિક પદ્ધતિથી વાંકાચુકા દાંતને બ્રેસીસ (વાયર) બાંધ્યા સિવાય દાંતને સીધા કરવાની સારવાર જ્ઞાતિબંધુ માટે રાહતદરે આધુનીક સારવાર આપવામાં આવશે.



## જાહેરાતના દર

| ક્રમ. | વિગત | ત્રિમાસિક | વાર્ષિક |
|---|---|---|---|
| (૧) | ૧/૪ પાનાની જાહેરાત | ૧૫૦૦ | ૩૦૦૦ |
| (૨) | અડધા પાનાની જાહેરાત | ૩૦૦૦ | ૬૦૦૦ |
| (૩) | આખા પાનાની જાહેરાત | ૬૦૦૦ | ૧૦,૦૦૦ |
| (૪) | મુખ પૃષ્ઠની પાછળનું પાનું | ----- | ૧૫,૦૦૦ |
| (૫) | છેલ્લેથી અંદરનું પાનું | ----- | ૧૫,૦૦૦ |
| (૬) | છેલ્લે અડધું પાનું | ----- | ૧૫,૦૦૦ |

## લાવણ્ય
### મલ્ટીસ્પેશ્યાલીટી ડેન્ટલ ક્લિનિક

ઉપલબ્ધ સારવાર - TREATMENT AVAILABLE

- વાંકા-ચૂંકા તથા આગળ પડતા દાંતની સારવાર
  Orthodontic Metal, Ceramic braces & algirers
- દાંતમાં ચાંદી, સિમેન્ટ, દાંતની કેપ તથા દાંતના કલરના મટીરીયલ પુરવાની સારવાર
  Silver, Cement4 Crown & Bridge & Cosmetic Dentistry
- દાંત બચાવવા મૂળીયાની સારવાર
  Root Canal Treatment
- દાંતના ફિક્સ તથા નીકળી શકે તેવા ચોકઠા
  Fixed & Removable Denture
- દાંતની સફાઈ તથા દાંતને સફેદ કરવાની સારવાર
  Scaling & Bleaching
- ડાહપણની દાઢ કાઢવાની સારવાર
  Wisdom Tooth Removal
- પેઢાના રોગોની સારવાર
  Pyorrhea
- ઈમ્પ્લાન્ટ દ્વારા દાંત બેસાડવાની સારવાર
  Full Mouth rehabilitation
- બાળકોના દાંતના તમામ રોગોની સારવાર
  Pediatric Dentistry

To,
.................................................
.................................................
.................................................
.................................................

નકલ રવાના :
રમણભાઈ સી. મકવાણા
૨, વાસુદેવ નગર, ગીરધરનગર, ઓવરબ્રીજ પાસે,
વંદના સ્કુલની બાજુમાં, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦૦૦૪, મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

પ્રકાશક : શ્રી સમસ્ત સતવારા મહામંડળ (રજી. નં. ઈ-૮૪૮૯ તા. ૩-૧૦-૯૧) વતી માનદ્ તંત્રી શ્રી કાંતીભાઈ આર. પરમારે પ્રસિધ્ધ કર્યુ. મુદ્રક : ''પૂજા ગ્રાફિક એન્ડ પ્રિન્ટસ્'' - સુરેન્દ્રનગર. દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.